**અમદાવાદ નાં ૫મી મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં**

**ક્રિમીનલ કેસ નં. 39786 - 2023**

**આંક ૧ લગત** **આંક–**

**ફરીયાદી:–** ધી સ્ટેટ ઓફ ગુજરાત. **વિરુધ્ધ**

**આરોપી:–** 1) GULAM DASTGIR @BABAN GULAM MAHAMMAD SEKH
Address - 1538 BAGVAN HALL PATVA SERI KARANJ A.BAD
2) MAHMAD IMRAN MUKHTYAR AHEMAD SEKH

**એપીપી શ્રી પંચાલ** **આરોપી તર્ફે વિવ શ્રી ........................**
**ગુન્હો : જુગારધારા કલમ ૧૨ વિ.**

## ઠરાવ

૧). આ કામની ફરીયાદ હકીકત આરોપીને વાંચી સભળાવી અને સમજાવવામાં આવેલી છે તેના જવાબમાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે.આરોપીએ સ્વખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે જે નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીઓની મુદ્દામાલ કલેઈમ કરતા નથી તે પુરસીસ તથા ફરીયાદીનો રીપોર્ટ કે આરોપીઓ સામે અન્ય કોઈ ગુનો બહાર આવેલ નથી તે ધ્યાને લીધો. વળી હાલ કોરોના ને કારણે લોકોની આર્થીક પરીસ્થીતી માં ઘટાડો જોતાં દંડ યોગ્ય રીતે કરવો ન્યાયી જણાય છે.

૨). આરોપીએ સ્વેચ્છાથી ગુન્હાની કબુલાત કરેલ છે અને કબુલાત પુરસીસ /પ્લી રજુ કરેલ છે જે ખુબ ગરીબ છે. તથા એક માત્ર કમાનાર હોઈ દંડ ભરવા મુદત આપવા સારુ તથા ઓછી સજા કરવા દયાની માગણી કરેલ છે અને જણાવેલ છે કે પ્રથમ ગુન્હો છે અને કુટુબનો ભરણપોષણનો આધાર આરોપી પર છે.આ કામના ગુન્હાનુ સ્વરુપ લક્ષમાં લઈ તથા આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતો હોઈ નીચે મુજબનો હુકમ કરુ છુ.

૩). કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે **ગુજરાત રાજય વિ. નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં. ૭૦૯)** આપેલ સમજુતિ મુજબ, આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ સચવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે :–

### હુકમ

આરોપીને ક્રીમીનલ પ્રો.કોડની કલમ ૨૫૨ મુજબ ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ **જુગારધારા કલમ ૧૨ વિ.** ના ગુનામાં ગુન્હેગાર ઠરાવી દરેક આરોપીને રુા.**૧૦૦/–પુરા અંકે રુપીયા સો પુરાન**ો દંડ ફરમાવવામાં આવે છે.જો આરોપીઓ દંડ ન ભરે તો દીન ૨ ની સાદી કેદની સજા ફરમાવુ છુ.

**કોર્ટ નં: ૫– મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ** **ડબલ્યુ આર મલીક**
તા. ૧૩/૦૫/૨૦૨૩ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સ્પેશ્યલ સીટીગં મેજી
જીજે૦૧૧૪૪

ઠરાવ બાદ આરોપી ખુબ ગરીબ હોઈ તે ટીઆરસી માટે તૈયાર છે. પણ દંડ ભરવા મુદત માંગેલ છે. તેથી દંડ ભરવા મુદતઃ ૧૩/૦૫/૨૦૨૩ સુધી સમય આપેલ છે. તે દીવસે દંડ જમા લેવો. તથા કેસ નો નીકાલ કરવો. દંડ કલમ ૨૦૬ સીઆરપીસી મુજબ એડવોકેટ કે ઈષ્ટ મીત્ર ધ્વારા લઈ શકાશે

ડબલ્યુ આર મલીક મેટ્રો મેજી

વધુ હુકમઃ
**આજ સ્પેશીયલ સીટીંગ માં દંડની રકમ ચુકતે થયેલ હોઈ આ કેસ નો નીકાલ ગણવો.**
આજરોજ લોક અદાલત માં વાંચી સંભળાવી ને જાહેર કર્યો.

તાઃ ૧૩/૦૫/૨૦૨૩ ડબલ્યુ આર મલીક
અમદાવાદ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ ૫ અમદાવાદ
PA:- RUTVIK SHAH સ્પે સીટીગ મેજીસ્ટ્રેટ, જીજે૦૧૧૪૪